**ફ્રેશ ઈન–સર્વિસ વિદ્યાર્થીઓના અધુરા અભ્યાસ પુર્ણ કરવા બાબત.**

## :: પરિપત્ર ::

આથી સંબધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા. ૧૮.૦૭.૨૦૧૪ના રોજ નવસારી ખાતે મળેલ વિદ્યાપરીષદની ૨૯મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર ૨૯.૨૭ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

અ. સંબંધિત યુનિવર્સિટીમાંથી અધૂરો અભ્યાસ છોડી જનાર વિદ્યાર્થીઓને કે જેઓ રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ સિવાય અન્ય ખાતામાં હાલ ફરજ બજાવે છે તેવા વિદ્યાર્થીઓ પ્રવર્તમાન નિયમોનુસાર ત્રણ વર્ષમાં રી–રજીસ્ટ્રેશન માટે માંગણી કરે ત્યારે વિદ્યાર્થી જે સંસ્થામાં નોકરી કરતો હોય ત્યાં અજમાયશી સમય પૂર્ણ કરેલ હોય અને જે તે સંસ્થાનું "ના વાંધા પ્રમાણપત્ર"રજૂ કર્યેથી તેમજ મળવા પાત્ર રજા મુકી આવે તો તેને રી–રજીસ્ટ્રેશન માટે મંજૂરી આપવી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

બ. રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ અથવા અન્ય યુનિવર્સિટીમાંથી અધૂરો અભ્યાસ છોડી અને રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં નોકરીમાં જોડાનાર કર્મચારીઓને તેમનો અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા માટે તેમની યુનિવર્સિટીના ઈન સર્વિસ કાર્યક્રમ હેઠળના સીનીયોરીટી લીસ્ટને ધ્યાને લઈ મળવા પાત્ર રજા મૂકી આવે તેમજ અજમાયસી સમય પુર્ણ કરેલ હોય તો તેને રી–રજીસ્ટ્રેશન અથવા અધુરો રહેલ અભ્યાસ જે તે યુનિવર્સિટીમાં પુર્ણ કરવા માટે મંજૂરી આપવી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

જા.નં.નકૃયુ/રજી/પરીક્ષા/પીજી/૫૫૭૨-૫૫૭/૨૦૧૪
તા. ૧૨ /૦૮/૨૦૧૪

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના :**

૧. વિદ્યાપરીષદના તમામ સભ્યશ્રીઓ તરફ.
૨. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૩. તમામ આચાર્યશ્રીઓ તરફ.
૪. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ .

**નકલ રવાના :**

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.